# નિતીન પટેલની પડખે પાટીદાર સમાજ

ગાંધીનગર, તા. ૩૦
ગુજરાતમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીની કેબિનેટમાં નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની પટેલે હથિયાર હેઠાં મૂક્યા છે. નિતીન પટેલને અન્યાયના મુદ્દે પાટીદાર આગેવાનોએ એક તબક્કે ૧લી જાન્યુઆરીએ મહેસાણા બંધનું અંતે નિતીન પટેલે કહ્યું હતું કે મારા મુદ્દે મહેસાણા બંધ કરવાનું ન હોય, આ તો અમારો આંતરિક વિવાદ છે. મારી વાતને લઈને હાઈકમાન્ડ નિતીન પટેલની નારાજગી ધીમે ધીમે શક્તિ પ્રદર્શનમાં ફેરવાતી જતી હતી. નિતીન પટેલે ત્રણ દિવસનો સમય આપ્યો હતો અને કહ્યું છે કે મને મારા જોઈએ. તેમણે સરકારમાં સારૂં કામ કર્યું છે. હું નિતીન પટેલને મળવા આવ્યો છું કારણ કે તેઓ નારાજ થયેલા છે.



## સુરેન્દ્ર પટેલની મુલાકાત અને દિલ્હીથી ફોન આવ્યા બાદ શાંત

નારાજગીના મુદ્દે હાઈકમાન્ડે ન્યાય આપવાની ખાત્રી આપતાં કલાકોના મૌન પછી નિતીન પટેલે કહ્યું હતું કે ''મારી રજૂઆત મેં હાઈકમાન્ડને કરી છે અને મને આશા છે કે તેઓ મારા માટે ઉચિત કરશે.''

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સાથે થયેલી ચર્ચા પ્રમાણે નાયબ મુખ્યમંત્રી નિતીન એલાન આપ્યું હતું. તેમનું ગાંધીનગરનું નિવાસસ્થાને આખો દિવસ પાટીદારો આગેવાનોથી ધમધમતું રહ્યું હતું જાણે કે નિતીન પટેલે સરકારમાં બળવો કર્યો હોય તેવા દ્રશ્યો જોવા મળતા હતા. પાટીદાર ધારાસભ્યો પણ તેમના સંપર્કમાં હતા.

આખા દિવસની ઉત્તેજનાને ગંભીર છે, મારી વાત સિમ્પલ છે અને મારું માન સન્માન રહે એ જરૂરી છે. હું પાર્ટી નહિ છોડું. મેં ૪૦ વર્ષ BJP માટે મહેનત કરી છે હાર્દિક પટેલ મળવા આવશે તો મળીશું તેવું પણ તેમણે કહ્યું છે.

આ અગાઉ ગુજરાત ભાજપમાં બળવા જેવી સ્થિતિ આકાર લઈ રહી હતી. નાયબ મુખ્યમંત્રીની ખાતા પાછા જોઈએ છે અન્યથા હું કેબિનેટમાંથી રાજનામું આપી દઈશ.

ગુજરાતના પાટીદાર આગેવાનો નિતીન પટેલને બંગલે એકત્ર થઈ રહ્યાં હતા. સુરતના નેતા અને ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી નરોત્તમ પટેલ નિતીન પટેલને મળવા દોડી ગયા હતા અને તેમણે કહ્યું હતું કે પાર્ટીએ નિતીન પટેલને મનાવી લેવા

એસપીજી ગ્રુપના આગેવાન પાટીદાર લિડરો પણ નિતીન પટેલને મળી ચૂક્યાં હતા. કોંગ્રેસના ધારાસભ્ય વિરજી ઠુમ્મરે તો નિતીન પટેલને કહ્યું છે કે તમે કોંગ્રેસમાં આવી જાવ, કોંગ્રેસ તમને પાટીદાર મુખ્યમંત્રીનું પદ આપવા તૈયાર છે. ભાજપમાં ૨૦૦૫ પછી ફરી

● અનુસંધાન પાન-૭ પર

# નેશનલ મિશન ફોર ઓઈલ સિડ્ઝના ઉચ્ચ અધિકારી જિલ્લાના પ્રવાસે

**જિલ્લામાં તેલિબીયાંની ખેતીમાં થયેલી વૃદ્ધિની વિગતો જાણી ખેડૂતો સાથે પણ રસપ્રદ ચર્ચા કરી : ૨૦૧૬ની તુલનામાં ૨૦૧૭માં ૪૭૯૦ હેક્ટરમાં તેલિબીયાંનું વાવેતર વધ્યુ**

ગાંધીનગર, તા.૩૦
ગાંધીનગર જિલ્લામાં તેલિબીયાં પાકોના ઉત્પાદન માટે લેવામાં આવેલા પગલાંઓની સમીક્ષા કરવા આજે ભારત સરકારના એક ઉચ્ચ અધિકારી જિલ્લાના પ્રવાસે આવ્યા હતા.

ભારત સરકારના નેશનલ મિશન ફોર ઓઈલ લિડ્સ એન્ડ ઓઈલ પામના આ ઉચ્ચ અધિકારીએ પેથાપુર, બાલવાની મુલાકાત લીધી હતી. પેથાપુરમાં દિવેલાની ખેતીને લઈ ખેડૂતો સાથે અર્ધા કલાક સુધી ચર્ચાઓ કરી હતી. આધુનિક ખેતીના સાધનોને લઈ ખેડૂતોમાં ઉત્સાહ તેમજ તેના બહુવિધ ઉપયોગ અંગે તેણે ઝીણવટભરી વાતો કરી હતી. બાલવામાં તો જમીન સમતળ કરવાના પ્રોજેક્ટનું જાત નિરીક્ષણ કર્યુ તેમજ ચણાની ખેતૂના પ્રોજેક્ટ પર પણ આ અધિકારીએ ખુબ જ રસપ્રદ ચર્ચાઓ કરી હતી.

ભારત સરકારના અધિકારી ડૉ. મલ્હોત્રાએ જિલ્લામાં તેલીબીયાં ખેતીમાં થયેલી વૃદ્ધિ અંગે પણ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

૨૦૧૬માં જિલ્લામાં તેલીબીયાંની ખેતી ૨૯,૧૫૧ હેક્ટર વિસ્તારમાં થઈ હતી જ્યારે ખરીફ-૨૦૧૭માં મગફળીનું વાવેતર ૫૦૬૮ હેક્ટર, તલ-૩૧૭ હેક્ટર અને દિવેલાનું વાવેતર ૨૮,૫૪૬ હેક્ટર મળી કુલ ૩૩,૯૩૧ હેક્ટર નોંધાયું હતું. જે ગત વર્ષની તુલનામાં ૪૭૯૦ હેક્ટરમાં વધારો દર્શાવે છે. આ તેલીબીયા વાવેતરને વધુ પ્રોત્સાહન મળે તો હજુ પણ વાવેતર વિસ્તારમાં વધારો થઈ શકે છે.

મગફળીના ઉત્પાદનમાં ૨૦૧૬માં જિલ્લો સમગ્ર રાજ્યમાં મોખરાના સ્થાને રહ્યો હતો અને આ વખતે પણ સારૂ ઉત્પાદન નોંધાયું છે જેથી ખેડૂતો તેલિબીયાના વાવેતરની દિશામાં વધુ સક્રિય થયા છે.

દિવેલાનાં પાકમાં પણ તેના સારા ભાવ મળતા હોવાથી ખેડૂતોએ સારો રસ દાખવ્યો હોવાનો દાવો તંત્રના અધિકારીઓ તેમની સાથેની બેઠક દરમિયાન જણાવ્યું હતું. જિલ્લામાં ભારત સરકારની આવેલી ટીમે સંતોષની લાગણી વ્યક્ત કરતાં જિલ્લા ખેતી તંત્રમાં પણ ખુશીની લાગણી છવાઈ હતી.

# ભાજપ નહિ છોડુ પક્ષ માટે ૪૦ વર્ષ મહેનત કરી છે : નીતિન પટેલ

**ત્રણ દિવસ બાદ આખરે નીતિનભાઇએ મૌન તોડયું, વેદના ઠાલવી : આ માત્ર ખાતાઓની વાત નથી, પરંતુ વાત સ્વાભિમાન અને સ્વમાનની છે, મને વિશ્વાસ છે કે, પાર્ટી યોગ્ય નિર્ણય લેશે**

અમદાવાદ,તા. ૩૦
ભાજપની નવી સરકારમાં ખાતાઓની



ફાળવણીથી લઈ પોતાની ગંભીર ઉપેક્ષાને લઈ ત્રણ દિવસથી નારાજ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે સાંજે આખરે મૌન તોડયું હતુ અને પોતાની વેદના ઠાલવી હતી. નીતિનભાઈએ ઢીલા સ્વરે પરંતુ મક્કમતા સાથે સ્પષ્ટ કર્યું હતું કે, હું ભાજપ પાર્ટી નહી છોડું, છેલ્લા ૪૦ વર્ષોથી મેં ભાજપ માટે મહેનત કરી છે. આ માત્ર ખાતાઓની વાત નથી પરંતુ વાત સ્વાભિમાન અને સ્વમાનની છે. મને વિશ્વાસ છે કે, પાર્ટી યોગ્ય નિર્ણય લેશે. જેમણે મને શુભકામના પાઠવી અને મારી ચિંતા કરી તે તમામનો આભાર માનું છું.

નીતિન પટેલની નારાજગી અને રિસામણાને લઈ છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતના રાજકારણમાં ખાસ કરીને ભાજપમાં હાઈ વોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો. નીતિન પટેલ ત્રણ દિવસથી તેમની ઓફિસ પણ ગયા ન હતા અને તેમના નિવાસસ્થાને જ નારાજ થઈને બેઠા હતા. જયાં છેલ્લા ત્રણ દિવસથી પાટીદાર સમાજના આગેવાનોથી માંડી દિગ્ગજ મહાનુભાવોએ નીતિન પટેલની શુભેચ્છા મુલાકાત લઈ તેમને આ નારાજગી પળોમાં સાથ અને ટેકાની હૈયાધારણ આપી હતી.

# સૌરભ પટેલે નાણામંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો

**રાજ્યની નાણાંકીય સ્થિતિ અને જી.એસ.ટી.ની અસરો સહિતની બાબતોને ચકાસી બજેટ તૈયાર કરાશે**

ગાંધીનગર, તા.૩૦
રાજ્યના નવનિયુક્ત નાણામંત્રી સૌરભભાઈ પટેલે આજે તેમનો ચાર્જ સંભાળી લઈ અને નાણાં વિભાગના અધિકારીઓને બજેટ તૈયાર કરવા માટેની જરૂરી માર્ગદર્શક સુચનાઓ આપી છે.

તેમણે ચાર્જ સંભાળ્યો તે પૂર્વે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, જી.એસ.ટી.ની અસરો, તેની આવક, મંત્રીઓ અને સભ્યો તરફથી મળેલા સૂચનો, રાજ્યની નાણાંકીય સ્થિતિ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરી બજેટને સર્વગ્રાહી રીતે તૈયાર કરવા માટે તેઓ અધિકારીઓને જણાવશે.

આજે તેમણે અધિકારીઓ સાથે બે કલાક સુધી વિભાગને લઈ વિસ્તૃત ચર્ચાઓ કરી હતી તેમજ બજેટ માટે ધ્યાને રાખવાની વિવિધ વાતો અંગે પણ રસપ્રદ અને તલસ્પર્શી માર્ગદર્શન આપ્યા હોવાની વાતો નાણાં વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દરમિયાન પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ અગાઉ ૧લી જાન્યુઆરી સૌરભભાઈ તેમની નવી કચેરીમાં આવવાના હતા પરંતુ ખાતા ફાળવણીના ઉભા થયેલા વિવાદમાં મળેલ સૂચનાઓને ધ્યાને લઈ તેમણે આજે તાબડતોબ ચાર્જ સંભાળી લઈ અને વિભાગની કાર્યવાહીને આગળ ધપાવવાના નિર્દશો અને સૂચનાઓ આપી હતી.

ગાંધીનગરમાં આજે આખો દિવસ પણ નીતિનભાઈની નારાજગી કે નવસર્જનને લઈ ગરમાગરમ રાજકીય ચર્ચાઓ ચાલી હતી. નગરના દરેક ખૂણે આ એક જ મુદ્દો ચર્ચાનો હતો.

# વહેલી સવારે બાઈક સવારે વૃધ્ધાને આંતરી

ગાંધીનગર તા ૩૦
અવાજ ન કરીશ... જે હોય તે આપી દે...સે-૩ સીમાં વહેલી સવારે દુધ લઈને પગપાળા ઘરે પરત જતી વૃધ્ધાને સેકટરના જ આંતરિક માર્ગ પર બાઈક સવાર બે શખસોએ આંતરીને ગળાના ભાગે તીક્ષ્ણ હથિયાર મુકીને જે હોય તે આપી દેવાની ધમકી આપતા મહીલાનુ ખાલી ગળુ જોઈને ઉશ્કેરાયેલા આ ઘરમાંથી સફાળા બેઠા થઈ સેકટરના આંતરિક માર્ગ પર દોડી આવ્યા હતા. પ્રવર્તયો હતો.

શહેરમાં પીક પોકેટીંગ અને

## સે-૩સીના આંતરિક માર્ગ પરની ઘટના : અવાજ ન કરીશ...જે હોય..તે આપી દે.. વૃધ્ધાનુ ગળુ ખાલી જોતા આખરે દુધની થેલી આંચકી..!!

શખ્સો હાથમાંથી દુધની થેલી ઝપટીને આંખના પલકારમાં ફરાર થઈ ગયા હતા. બાઈક પર અચાનક આવી ચઢેલા ગઠીયાઓની આ હરકત જોઈને ભયભીત થયેલી વૃધ્ધાએ બુમાબુમ કરી મુકતા સ્થાનિક રહીશો આ ગઠીયાઓએ મહીલાના હાથમાંથી થેલી ઝુંટવતા તેણીને હાથના ભાગે ઈજાઓ પણ થઈ હતી. સેકટરના આંતરિક માર્ગ પર ઠંડીની વહેલી પરોઢે અંધારામાં બનેલી આ ઘટનાથી સ્થાનિકોમાં પણ ફફડાટ ચેઈન સ્નેચીંગની ઘટનાઓ અનેકવાર પ્રકાશમાં આવે છે. જેમાં માર્ગ પર ચાલ્યા જતા રાહદારીઓ વિશેષ ભોગ બને છે. જયારે ખાસ કરીને જાણભેદુ ગઠીયાઓ મહીલાઓના ગળામાંથી આંખના પલકારામાં ચેઈનની તફડંચી કરી જાય છે. પરંતુ મુખ્યમાર્ગોની સાથે હવે સેકટરોના આંતરિક માર્ગો પર આ પ્રકારના કિસ્સો પ્રકાશમાં આવતા મહીલાઓમાં ભયની લાગણી વ્યાપી છે. સે-૩ સી માં પ્લોટ નં-૬૪૩:૧ માં રહેતા પ્રજ્ઞાબેન જોષી ગઈકાલે વહેલી સવારે ૬ વાગ્યાના અરસામાં દુધ લઈને પોતાના ઘરે ચાલતા પરત થઈ રહયા હતા તેવા સમયે અચાનક જ સેકટરના આંતરિક માર્ગ પર બાઈક સવાર બે શખસોએ તેમને આંતરીને અવાજ ન કરીશ જે હોય

● અનુસંધાન પાન-૭ પર

## સેકટરમાં અન્ય એક ઘરનો નકુચો તોડી ચોરીનો પ્રયાસ

સે-૩ ને તસ્કરોએ એક રાતમાં ટાર્ગેટ બનાવી લીધુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. એકબાજુ સેકટરમાં વહેલી સવારે દુધ લેવા જતી વૃધ્ધ મહીલાના હાથમાંથી દુધની થેલી પડાવીને ફરાર થયેલા બાઈક સવાર શખ્સોના લીધે સેકટરમાં આમ પણ ભયનો માહોલ છવાયો છે. ત્યારે મહીલાના ઘર નજીક સ્થિત અન્ય એક બંધ અને ખાલી મકાનનો નકુચો તોડી તસ્કરોએ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના પણ પ્રકાશમાં આવી છે. બંધ મકાનમાં કોઈ સામાન ન હોવાના લીધે તસ્કરોના હાથમાં કશુ લાગ્યુ ન હતુ.આ મામેલ મકાન માલિકે પોલીસ ફરિયાદ કરવાનુ ટાળ્યુ છે.

# ધોરણ -૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા ૧૨ માર્ચથી આરંભાશે

ગાંધીનગર તા ૩૦
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ ૨૦૧૮ માં લેવાનારી બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. તા ૧૨ માર્ચથી ૨૮ માર્ચ સુધીમાં વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય

**સામાન્ય પ્રવાહની પરીક્ષા પણ ૨૮ માર્ચે પુર્ણ થશે પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ તૈયારીમાં ગળાડુબ**

પ્રવાહની પરીક્ષા પુર્ણ કરી દેવાશે. બાર્ડ પરીક્ષા હવે નજીક આવતા વિદ્યાર્થીઓ તૈયારીમાં લાગી ગયા છે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. બોર્ડ પરીક્ષાનુ આખરી ટાઈમ ટેબલ પણ તૈયાર કરી દેવાયુ છે. આગામી તા ૧૨ માર્ચથી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ ધો-૧૦ ની પરીક્ષાનો પ્રારંભ થશે. તા ૧૨ માર્ચથી ૨૩ માર્ચ સુધી ધોરણ-૧૦માં વિવિધ વિષયોની પરીક્ષા લેવાશે. જિલ્લામાંથી ૩૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની પરીક્ષામાં હાજરી આપશે. જયારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાને અનુલક્ષીને પણ હાલ વિદ્યાર્થીઓ ગળાડુબ તૈયારીમાં લાગી ગયા છે. તા ૧૨ માર્ચ થી ૨૨ માર્ચ દરમિયાન વિજ્ઞાન પ્રવાહના વિવિધ વિષયોની પરીક્ષા યોજાશે ધોરણ-૧૦ માં પરીક્ષાનો સમય સવારે ૧૦થી બપોરે ૧:૨૦ સુધીનો રહેશે જયારે ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પરીક્ષાનો સમય બપોરે ૩ થી ૬:૩૦નો રહેશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા પણ તા ૧૨ માર્ચથી શરૂ થશે. જયારે ૨૮ માર્ચે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા પુર્ણ થશે. સામાન્ય પ્રવાહની પરીક્ષાનો સમય ૧૦:૩૦ થી ૧:૪૫ નો રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ ૨૦૧૮ માં લેવાનારી પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. ત્યારે વિદ્યાર્થીઓ પણ પરીક્ષાલક્ષી તૈયારીમાં વ્યસ્ત બન્યા છે. બોર્ડ પરીક્ષાના આડે હવે માત્ર બે મહીના જેટલો સમય જ આડો રહયો હોવાથી વિદ્યાર્થીઓ આખરી તબક્કાની તૈયારીમાં ગળાડુબ છે.



## બેસણું

અમારા પૂજ્ય માતુશ્રી અ.સૌ. **રેવાબેન ઈશ્વરભાઈ પટેલ (લવારપુરવાળા)** હાલ ગાંધીનગર તા. ૨૬/૧૨/૨૦૧૭ને મંગળવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧/૧/૨૦૧૮ને સોમવાર**ના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઉમિયા સમાજ ભવન, કલેક્ટર કચેરીની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર**

લી.

પટેલ જગદીશભાઈ કાન્તિલાલ
પટેલ બળવંતભાઈ કાન્તિલાલ
પટેલ ઘનશ્યામભાઈ ચંદુલાલ
પટેલ હસમુખભાઈ ચંદુલાલ
પટેલ ઈશ્વરભાઈ ચતુરદાસ
પટેલ રસિકભાઈ ઈશ્વરલાલ
(Ex. જીલ્લા પંચાયત, ગાંધીનગર)
પટેલ જૈમીન રસિકભાઈ
પટેલ રમણભાઈ ચતુરદાસ
પટેલ જગદીશ પુરષોત્તમદાસ



## બેસણું

અમારા પૂ. ભાભીશ્રી તથા અમારા માતૃશ્રી
ગં. સ્વ. કોકીલાબેન ગણપતભાઈ પટેલ (વિસલપુરવાળા)
તા. ૨૮-૧૨-૨૦૧૭ ને ગુરુવાર ના રોજ દેવલોક પામ્યા છે.
સ્વર્ગસ્થની પ્રાર્થનાસભા તા. ૦૧-૦૧-૨૦૧૮ ને સોમવારના રોજ સવારે ૦૮:૩૦ થી ૧૧:૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : આર.કે રોયલ હોલ, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ.

લિ.
ભગવતભાઈ રણછોડભાઈ પટેલ
પરેશભાઈ રણછોડભાઈ પટેલ
(ડિરેક્ટરશ્રી, કૃભકો, ન્યુ દીલ્હી)
કલ્પેશ ગણપતભાઈ પટેલ (જીતુભાઈ)
નયન ગણપતભાઈ પટેલ
ચિરાગ ગણપતભાઈ પટેલ
ફર્મ. ● પ્રેક્ષા માર્કેટીંગ, પ્રેક્ષા ઈન્ટીરીયર્સ પ્રા.લિ., અમદાવાદ ● શ્રી અંબિકા ગ્લાસ, ગોવિંદ સેલ્સ, ગાંધીનગર
પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
પ્રકાશ વિનોદકુમાર પટેલ (કલોલ) ● વિનોદકુમાર શકરાલાલ પટેલ પરિવાર (રાંચરડા)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com